**<u>ફોજદારી પરચુ. અરજી નં. ૬૦૧/૨૬ ના કામે આરોપી સમીર ચીમનભાઈ વૈશ્નાણી, ઉ.વ. આ.૩૫, ધંધો–પ્રા.નોકરી, ધર્મે–હિન્દુ, રહે. માળીશેરી ટીબાજામ, ભાયાવદર, હાલ જીલ્લા જૂનાગઢવાળાની જામીન અરજી નીચે હુકમ :–</u>**

(૧) અરજી તેમજ એફ.આઈ.આર. વંચાણે લીધી. આરોપીના વિ. વકીલશ્રીને સાંભળ્યા.

(૨) આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે તે ગુનામાં જામીન મુકત થવા આરોપી તરફથી બી.એન.એસ.એસ.નીકલમ–૪૮૦ મુજબ હાલની આ અરજી આપવામાં આવેલ છે.

(૩) આરોપી તરફથી તેમની જામીન અરજી મુજબની રજુઆત કરી વુધમાં એવી રજુઆત કરવામાં આવેલી છે કે, અરજદાર/આરોપીની એફ.આઈ.આર.માં નામ નથી કે કોઈ કૃત્ય કરેલાનો ઉલ્લેખ નથી કે આરોપી કોઈ એકાઉન્ટ ધારક નથી કે કોઈ પાસબુક, ચેકબુક, ક્રેડીટકાર્ડ, સીમકાર્ડ મેળવી કોઈ ફ્રોડ કે સાયબર ફ્રોડ કરેલ નથી કે ઈલેકટ્રીક માધ્યમથી કોઈપણ સાથે સાયબર ફ્રોડ કરેલ નથી અને અન્ય આરોપીના નિવેદનના આધારે અટક કરેલ છે. અરજદાર/આરોપીને સદર ગુન્હા સાથે કોઈ નિષ્બત નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી સામેની ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે, ઘરમાં કમાનાર એક વ્યકિત છે, જણાવલ સરનામે રહે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી, શરતો પાળવા અને જામીન આપવા તૈયાર છે તમામ હકીકતે તેમજ પ્રિ–ટ્રાયલ કન્વીકશન ન થાય તેથી નામદાર સુપ્રિમકોર્ટના સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ.ના ચૂકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદાર/આરોપીની અરજી અનુસંધાને સરકારશ્રી તર્ફે વિ. એ. પી. પી. શ્રી હાજર થયેલ છે. તેઓએ અરજી અન્વયે અરજી મંજુર કરવા સામે વાંધો હોવાનો શેરો કરેલ છે. વધુમાં તેઓના કથન મુજબ અરજદાર/આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(ડી) મુજબના ગુન્હામાં અન્ય આરોપીઓને મદદગારી કરી ગંભીર પ્રકારનો નાણાંકીય ઉચાપતનો

ગુન્હો કરેલ છે. સદર ગુન્હામાં રૂા. ૩૯, ૫૩, ૬૧૩/- જેવી મોટી રકમનો ફ્રોડ થયેલ છે અને તેમાં હાલના અરજદારે ભાગ ભજવેલ છે જે તમામ હકીકતે અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બન્ને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળી. આ કામે અરજદાર/ આરોપી તથા અન્ય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૭(૨), ૩૧ ૭(૪),૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી. એકટની કલમ-૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામે કેસની હકીકત ધ્યાને લઈએ તો અરજદાર/અરોપી તથા અન્ય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઓનલાઈન નાણાંકીય છેતરપીંડી કરી ગુન્હો કરેલ છે. આમ, આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને સાયબર ફ્રોડ કરેલ છે તેવુ પ્રથમદર્શનીય રીતે રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે ત્યારે આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે તેવુ આરોપીના કૃત્યથી જણાઈ આવે છે ત્યારે ગુન્હાની ગંભીરતા તથા અરજદાર /આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાનો પ્રકાર, પ્રમાણ અને જોગવાઈ ધ્યાને લેતા તથા અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી-ભાગી જવાની શકયતા રહેલી છે તથા પુરાવાને અસર કરશે તથા હાલના પ્રવર્તમાન સંજોગોમાં સાયબર ફ્રોડ અંગેના ગુન્હાનો સતત વધી રહેલા તે ધ્યાને લેતા તથા અરજદાર વિરૂધ્ધની તપાસ હાલ પેન્ડીંગ છે. તે તમામ હકીકત, સંજોગો અને કાયદાકીય સ્થિતી ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

અરજદાર/આરોપી સમીર ચીમનભાઈ વૈશ્નાણી, રહે. માળીશેરી ટીબાજામ, ભાયાવદરવાળાની હાલની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૭ મી, માહે જુન, સને ૨૦૨૬ ના દિને ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:- ૧૭/૦૬/૨૦૨૬ **(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
જુનાગઢ, એડી. ચીફ જયુડી. મેજી. જુનાગઢ,
યુનિક કોડ નં. જીજે-૦૦૮૬૨.